અપીલ અરજી નં.૩૭૩ તા.૨૨–૧–૧૦

અરજદારઃ– શ્રી ડી.સી. ભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડી.સી. ભટ્ટની તા.૧૪–૧૨–૦૯ ની અરજીથી તૃપ્તીનગર સોસાયટી,જય અંબે સોસા. સામે, તિરૂપતી વિદ્યાપીઠ સામે, બમરોલી રોડ, સુરત ખાતેના (૧) રહેણાંક પ્લોટ પર બાંધવામાં આવેલ દુકાનોનાં શટર મ.ન.પા. ધ્વારા જપ્ત કરાયા બાદ ફરીથી શટર લગાવી દેવામાં આવે છે તો શું આ દુકાનોને પરવાનગી આપી છ? (૨) પરવાનગી પત્રની એટેસ્ટેડ કોપી આપશો. (૩) પ્લોટ નં.૧૬૦ થી ૧૭૬ પર બાંધકામ ચાલી રહેલ છે તો તેની બાંધકામ પરવાનગીની એટેસ્ટેડ કોપી આપશોજી. (૪) સદરહુ સોસાયટીમાં ચાલી રહેલ બાંધકામની પરવાનગી કેટલા ફૂટની આપવામાં આવી છે ચોકકસ માપ જણાવશોજી તથા રોડ માર્જીન, આંતરીક રસ્તાના માપ તથા સી.ઓ.પી.નાં માપની વિગત આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૭૩/૨૦૦૯–૧૦

શ્રી ડી.સી. ભટ્ટની તા.૧૪–૧૨–૦૯ ની વિષયમાં નિર્દિષ્ટ માહિતી અરજી બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી આપેલ છે. જે દર્શાવે છે કે માહિતી આપવાનો ઈન્કાર કરેલ છે તેવું જણાવી તા.૨૨–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સ ેલ/ ૧૨૫૦ તા. ૪–૨–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના પત્ર અન્વયે ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ? તે મળ્યા પછી કઈ બાબતે શું નારાજગી છે તે આધારસહ સ્પષ્ટતા કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૭૧ તા.૧૫–૨–૧૦ થી નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, પત્ર નં.સા.ઝોન/ટેક./૫૮૨૮ તા.૨–૧–૧૦ થી અરજદારને દસ્તાવેજી ફી ભરવા લખેલ પત્રની નકલ, નં.સા.ઝોન/ટેક./૬૧૬૫ તા.૧૮–૧–૧૦ દસ્તાવેજી ફી ભર્યા બાદ માહિતી મોકલ્યાની જાણ કરતો પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૬–૨–૧૦ ના રોજ આજ અપીલ અંગે નવું ફોર્મ ભરી મોકલેલ છે. જેમાં જણાવેલ છે કે અગાઉ ખોટું ફોર્મ ભરાયેલ અને તેમને મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી આપેલ છે. નં.૧ અને ૨ની આપેલ નથી. પરંતુ ફી ભરી મેળવેલ માહિતી અંગે કે તે પૈકી નારાજગી અંગે તેમણે કોઈ સ્પષ્ટતા રજૂ કરેલ નથી.

અરજદારની તા.૧૪–૧૨–૦૯ ની અરજીથી તૃપ્તીનગર સોસાયટી,જય અંબે સોસા. સામે, તિરૂપતી વિદ્યાપીઠ સામે, બમરોલી રોડ, સુરત ખાતેના (૧) રહેણાંક પ્લોટ પર બાંધવામાં આવેલ દુકાનોનાં શટર મ.ન.પા. ધ્વારા જપ્ત કરાયા બાદ ફરીથી શટર લગાવી દેવામાં આવે છે તો શું આ દુકાનોને પરવાનગી આપી છ? (૨) પરવાનગી પત્રની એટેસ્ટેડ કોપી આપશો. (૩) પ્લોટ નં .૧૬૦ થી ૧૭૬ પર બાંધકામ ચાલી રહેલ છે તો તેની બાંધકામ પરવાનગીની એટેસ્ટેડ કોપી આપશોજી. (૪) સદરહુ સોસાયટીમાં ચાલી રહેલ બાંધકામની પરવાનગી કેટલા ફૂટની આપવામાં આવી છે ચોકકસ માપ જણાવશોજી તથા રોડ માર્જીન, આંતરીક રસ્તાના માપ તથા સી.ઓ.પી.નાં માપની વિગત આપવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./ આ.નં. ૫૮૨૮ તા.૨–૧–૧૦ થી દસ્તવેજી ફી રૂા.૭૦/– જમાં કરાવ્યા બાદ માહિતીની નકલ મેળવવા જણાવેલ. તથા પત્ર સા.ઝોન/ટેક./ આ.નં.૬૧૬૫ તા.૧૮–૧–૧૦ થી અરજીના સંદર્ભમાં માંગેલ માહિતી અને દસ્તાવેજો આ સાથે સામેલ છે એવું અરજદારને જણાવેલ. પરંતુ અરજદારના પ્રશ્નો બાબતે શું માહિતી આપી છે તે અંગે કોઈ વિગત જણાવેલ નથી. અરજદારે અપીલ અરજી તબકકે મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી આપવામાં આવેલ નથી. માત્ર મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી આપવામાં આવેલ છે એમ જણાવી અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરક માહિતી તબકકે પણ મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી આપ્યાની સ્પષ્ટતા કે તેના ઈન્કાર માટેના કોઈ અપવાદ કલમ–૮,૯ કે ૧૧ હેઠળ રજૂ કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ અને ૨ની નહીં પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડી.સી. ભટ્ટ,